દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર
ગુજરાતમિત્ર ૧૬૨ વર્ષ
શનિવાર ૯ ઓગસ્ટ, ૨૦૨૫

રાહુલ ગાંધીને સોગંદનામું મોકલવાને બદલે ચૂંટણી પંચે પોતાને નિર્દોષ સાબિત કરવું જોઈએ

ચૂંટણી દરમિયાન ચૂંટણી પંચે ખોટી રીતે કાર્યવાહી કરી હોવાના આક્ષેપો દરેક વખતે થાય છે. ચૂંટણી પંચ દ્વારા તેની સ્પષ્ટતા પણ કરવામાં આવે છે પરંતુ આ વખતે ચૂંટણી પંચ પર મતોની ચોરી કરવાનો આરોપ રાહુલ ગાંધીએ મુકીને રાજકીય રીતે માહોલ ગરમ કરી નાખ્યો છે. રાહુલ ગાંધીએ એવા આક્ષેપો કર્યા છે કે ચૂંટણી પંચની મતોની ચોરી દ્વારા નરેન્દ્ર મોદી વડાપ્રધાન બન્યા છે. રાહુલ ગાંધીએ આ માટે એક પત્રકાર પરિષદ કરીને ચૂંટણી પંચ પર મતદાર યાદીમાં ગોટાળાનો આરોપ લગાવ્યો હતો. કર્ણાટકના એક લોકસભા મતવિસ્તારનું ઉદાહરણ આપતા રાહુલ ગાંધીએ એક લાખ મત કાપવાનો આરોપ લગાવ્યો છે. રાહુલ ગાંધીએ કહ્યું કે, કર્ણાટકના મહાદેવપુરા વિધાનસભા ક્ષેત્રમાં 6.50 લાખ મત છે. એમાંથી 1 લાખ 250 મત ચોરાઈ ગયા, એટલે કે તેમણે 6માંથી 1 મત ચોરી લીધો. ચોરી 5 રીતે કરવામાં આવી હતી. ડુપ્લિકેટ મતદાર એટલે કે એક મતદારે ઘણી વખત મતદાન કર્યું. એક મતદારે 5-6 મતદાન મથકોમાં મતદાન કર્યું. આ લોકો પાસે કોઈ સરનામું પણ નથી. આવા લગભગ 40 હજાર મત છે. એક સરનામા પર ઘણા મતદારો છે. એક બેડરૂમવાળા ઘરમાં 40-50 મતદારો બતાવવામાં આવ્યા. જ્યારે અમે તેમને શોધવા ગયા ત્યારે ત્યાં કોઈ નહોતું. તે ઘરનો માલિક ભાજપનેતા હોવાનું બહાર આવ્યું.

ગત તા.7 ઓગસ્ટના રોજ રાહુલે દિલ્હીના ઇન્દિરા ભવનમાં 1 કલાક 11 મિનિટનું પ્રેઝન્ટેશન આપ્યું હતું. કોંગ્રેસનેતા રાહુલ ગાંધીએ મતદારયાદીમાં ગેરરીતિનો આરોપ લગાવ્યો હતો. તેમણે એવો પણ દાવો કર્યો હતો કે ચૂંટણીપંચ કર્ણાટક, તામિલનાડુ અને હરિયાણામાં ભાજપને ટેકો આપી રહ્યું છે. અગાઉ રાહુલ ગાંધીએ 2 ઓગસ્ટના રોજ કહ્યું હતું કે ભારતની ચૂંટણી પ્રણાલી મરી પરવારી છે. ભારતના વડાપ્રધાન પાસે બહુ ઓછી બહુમતી છે. જો 10-15 બેઠક પર પણ ગોટાળા ન થયા હોત તો તેઓ ભારતના વડાપ્રધાન ન બન્યા હોત. રાહુલ ગાંધીના આ આરોપો પર ચૂંટણી પંચે પણ કડક વલણ અખત્યાર કર્યું છે. ચૂંટણી પંચે રાહુલ ગાંધીને સોગંદનામું મોકલ્યું છે કે પહેલા સોગંદનામા પર સહી કરો કે તમે આના પુરાવા આપશો અને તેમાંથી પીછેહઠ નહીં કરો. જો તમે સોગંદનામા પર સહી કરવાના નહીં હોવ તો તમારૂં નિવેદન પાછું ખેંચો અને દેશની માફી માંગો. ચૂંટણી પંચના સોગંદનામા પર રાહુલ ગાંધી કે કોંગ્રેસની કોઈ પ્રતિક્રિયા આવી નથી પરંતુ આ મામલો ભારતના રાજકારણમાં સનસનાટી સર્જી રહ્યો છે. રાહુલ ગાંધી અને ચૂંટણી પંચ વચ્ચેની લડાઈમાં જોકે, એક વાત એવી છે કે જો રાહુલ ગાંધીએ મુકેલા આરોપો સાચા હોય તો ચૂંટણી પંચ પર મોટી કાર્યવાહી થવી જોઈએ. દેશના નાગરિકોને મતદાન કરવાનો હક બંધારણ થકી મળ્યો છે અને જો ચૂંટણી પંચ દ્વારા આ રીતે બંધારણીય હક જ છીનવી લેવાનો પ્રયાસ કરવામાં આવ્યો હોય તો તે એક ગુનાથી કમ નથી. લોકસભાની 543 બેઠક પૈકી એકપણ બેઠક એવી નથી કે જેના મતદારોની યાદી ચોક્કસ જ હોય. દરેક બેઠક પર કોઈને કોઈ સમસ્યા જરૂર છે. ઘણી વખત બીએલઓની બેદરકારીએ પણ ખોટી મતદાર યાદી સર્જી હોય અથવા તો રાજકીય પ્રભાવમાં આવીને પણ આ કામ થયું હોય. ચૂંટણી પંચ પોતાની જવાબદારીમાંથી છટકી શકે તેમ નથી. ચૂંટણી પંચે રાહુલ ગાંધીને જે સોગંદનામું મોકલીને સહી કરવા માટે કહ્યું તે પણ ખોટું છે. દસ્તાવેજી પુરાવા અને આંકડાકીય માહિતી દ્વારા ચૂંટણી પંચ પોતાનો નિર્દોષ સાબિત કરી શકે છે પરંતુ તમે પહેલા સોગંદનામું કરો કે પીછેહઠ નહીં કરો તેવું ચૂંટણી પંચનું વલણ ખરેખર તેને શંકાના દાયરામાં મૂકે છે. બીજી તરફ ચૂંટણી પંચ સાચું હોય તો રાહુલ ગાંધીએ આવા નિવેદનો કરવાથી દૂર રહેવું જોઈએ. રાહુલ ગાંધી પર અગાઉ પણ એવા આરોપો લાગ્યા છે કે તેઓ આક્ષેપો કર્યા બાદ તેને સાબિત કરવા માટે પૂરાવા રજૂ કરતા નથી. જો રાહુલ ગાંધી સાચા હોય તો તેમણે જે આક્ષેપો કર્યા છે તેને દસ્તાવેજી પુરાવાઓથી સાબિત કરવા જોઈએ અને તે માટે જે કોઈપણ કાર્યવાહી કરવી પડે તો તે કરવી જોઈએ. જો ખરેખર ચૂંટણી પંચે મતોની ચોરી કરી હોય તો તે શરમજનક છે અને તેની સામે પગલા લેવાવા જોઈએ, પરંતુ જો રાહુલ ગાંધીએ કરેલા આક્ષેપો ખોટા હોય તો રાહુલ ગાંધી સામે પણ કાર્યવાહી થવી જોઈએ. ખરેખર કોણ સાચું તે તો આગામી દિવસોમાં બહાર આવશે પરંતુ જે આક્ષેપો થયાં છે તે ખૂબ જ ગંભીર છે તે નક્કી છે.

વૃદ્ધ સાધુની સલાહ

એક યુવાન વિદ્યાર્થી જીવનમાં સફળ થવા માગતો હતો. ખૂબ મહેનત કરે પણ સફળતા મળે નહિ. કોઈ ને કોઈ કારણે નિષ્ફળતા જ મળે. આમ વારંવાર નિષ્ફળ જતાં તે યુવાન ખૂબ નિરાશ થઇ ગયો હતો. શું કરવું તેને કંઈ સમજાતું ન હતું. પોતાના એક સ્નેહી મિત્રની સલાહથી તે એક વિખ્યાત વૃદ્ધ સાધુને મળવા ગયો.

યુવાને સાધુને જઈને પ્રણામ કર્યા અને પછી તરત જ પૂછ્યું, "ગુરુદેવ, હું કેટલીય વાર પ્રયત્ન કરું છું, પણ હમેશાં મારી હાર થાય છે.હમેશાં કોઈ ને કોઈ કારણે નિષ્ફળતા જ મળે છે.મને સમજાતું નથી કે હું શું કરું? શું હું કદી સફળ થઈ શકીશ નહીં?"

વૃદ્ધ સાધુએ હળવા સ્મિત સાથે કહ્યું, "ચાલ, મારી સાથે નદી કિનારે લટાર મારવા. તેઓ યુવાનને લઇને નદી કાંઠે ગયા. નદીનું વહેણ ખૂબ જ વધારે હતું.

ચાલતા ચાલતા વૃધ્ધ સાધુએ નદીકિનારાથી થોડે દૂર એક પથ્થર પાણી વચ્ચે હતો તેની તરફ આંગળી ચીંધીને કહ્યું, "યુવાન, આ પથ્થર જો. જ્યાં છે ત્યાં જ છે.નદીના પાણીની ગતિ તેને આગળ કેમ લઇ જઈ શકતી નથી?'

ચાર્જિંગ પોઈન્ટ
હેતા ભૂષણ

યુવાને કહ્યું, "સાધુ મહારાજ, કારણ કે આ પથ્થર ભારે છે અને સ્થિર છે."

થોડા આગળ ચાલ્યા બાદ સાધુએ હવે યુવાનને નદીના પ્રવાહ સાથે તરતું એક પાન બતાવ્યું અને પૂછ્યું "આ પાન કેમ તરે છે?"

યુવાને કહ્યું, "કારણ કે એ હલકું છે અને પ્રતિકાર નથી કરતું અને વહેણ સાથે આગળ તરતું રહે છે."

વૃધ્ધ સાધુએ કહ્યું, "આપણા જીવનનું પણ એવું જ છે. જો તું હમેશાં સ્થિર અને અડગ રહીશ અને દરેક નિષ્ફળતાની સામે પથ્થરની જેમ કઠોર બનવાની કોશિશ કરીશ, અક્કડ બની રહીશ અને કોઈ પરિવર્તન સ્વીકારીશ નહિ તો તું જીવનના પ્રવાહ સાથે આગળ વધી શકીશ નહિ પણ જયારે તું જીવનની સ્થિતિઓને સ્વીકારી, નાની નાની ભૂલોમાંથી શીખીશ અને પ્રતિકાર કર્યા વગર જીવનની સ્થિતિ અને સંજોગો અનુસાર આગળ વધીશ ત્યારે તું તારી મંજિલ સુધી પહોંચી શકીશ."

યુવાને કહ્યું, "સાધુ મહારાજ, હું પાનની જેમ તરવા તૈયાર છું, દરેક બદલાવ સ્વીકારવા તૈયાર થઈ જાઉં છતાં મને સફળતા નહિ મળે તો." સાધુએ કહ્યું, "યુવાન હંમેશા યાદ રાખજે કે નિષ્ફળતા એ અંત નથી, એ તો સફળતાની શરૂઆત છે.નકારાત્મક વિચારો છોડી તું માત્ર પ્રયત્નો ચાલુ રાખજે. વિજય તને અવશ્ય મળશે. જીવનમાં સફળ થવા માટે શીખવાની, ઢળવાની અને આગળ વધવાની તીવ્ર ઇચ્છા જરૂરી છે. દરેક હાર આપણને કંઈક શીખવે છે. સફળતા ધીરજ અને સતત પ્રયત્નનું ફળ છે.

બિહાર ચૂંટણીમાં મતદારયાદી સુધારણા જ મુખ્ય મુદ્દો બનશે

બિહારમાં ચૂંટણી તો આ વર્ષના અંતમાં છે પણ અત્યારથી ચૂંટણીનો જાણે જંગ જામી ગયો છે. એનડીએ અકબંધ છે એવું કહી શકાય એમ નથી કારણ કે, ચિરાગ પાસવાન આક્રમક બન્યા છે અને નીતીશ સામે આગ ઓકી રહ્યા છે. બીજી બાજુ મહાગઠબંધન પણ એકમત નથી. તેજપ્રતાપ યાદવને લાલુ યાદવે કુટુંબ અને પક્ષમાંથી બેદખલ કર્યા બાદ એણે નાના પક્ષો સાથે મળી મોરચો માંડ્યો છે અને ચૂંટણી વ્યૂહકાર પ્રશાંતકિશોર પણ જન સુરાજ પાર્ટી બનાવી મેદાનમાં છે અને એ બંને પક્ષે નુકસાન કરી શકે છે અને હવે ચૂંટણીમાં મુખ્ય મુદ્દો બની રહ્યો છે મતદારયાદી સુધારણા. ૬૫ લાખ મતદારોનાં નામ કમી થાય તો હોબાળો થાય જ. સંસદથી સુપ્રીમ કોર્ટ સુધી મામલો ચાલી રહ્યો છે અને આ મુદ્દે સુપ્રીમ કોર્ટ કેવું વલણ અપનાવે છે એના પર બધાની મીટ છે. વિપક્ષ આ મુદ્દાનો પૂરો ફાયદો ઉઠાવવા તત્પર છે.બિહારમાં ૬૫ લાખ મતદારોનાં નામ કમી કરવાના મામલે સુપ્રીમ કોર્ટ અને ચૂંટણી પંચ બંનેનાં પોતપોતાનાં મંતવ્યો અને કાર્યવાહી ચાલી રહી છે.

ચૂંટણી પંચનું કહેવું છે કે આ પ્રક્રિયાનો હેતુ મૃત્યુ પામેલાં, સ્થળાંતર કરી ગયેલાં અથવા એક કરતાં વધુ જગ્યાએ નોંધાયેલા અયોગ્ય મતદારોને યાદીમાંથી દૂર કરવાનો છે. ચૂંટણી પંચે દાવો કર્યો છે કે, લગભગ ૨૨.૩૪ લાખ મતદારોનાં નામ મૃત્યુને કારણે, ૩૬.૨૮ લાખ મતદારોનાં નામ સ્થળાંતર અથવા કાયમી ગેરહાજરીને કારણે અને ૭.૦૧ લાખ મતદારોનાં નામ બેવડી નોંધણીને કારણે દૂર કરવામાં આવ્યાં છે.

સુપ્રીમ કોર્ટે આ મામલે ગંભીરતા દાખવી છે અને તાત્કાલિક હસ્તક્ષેપ કરવાનું વચન આપ્યું છે. જો તેને મોટા પાયે મતદારોને બાકાત રાખવામાં આવ્યાં હોવાનું જણાશે. તેમણે ચૂંટણી પંચને એમ પણ પૂછ્યું છે કે જે લોકોનાં નામ દૂર કરવામાં આવ્યાં છે, તેમની યાદી અને કારણો રાજકીય પક્ષો સાથે વહેંચવામાં આવ્યાં છે કે નહીં અને જો હા, તો કયા પક્ષોને આ માહિતી મળી છે. કોર્ટે એ પણ અવલોકન કર્યું છે કે 'આધાર કાર્ડ' અને 'મતદાર ઓળખ કાર્ડ' જેવા દસ્તાવેજોને માન્યતા આપવી જોઈએ કારણ કે તેમની વિશ્વસનીયતા માનવામાં આવે છે. કોર્ટે સ્પષ્ટ કહ્યું છે કે આ કવાયતનો હેતુ સામુહિક સમાવેશનો હોવો જોઈએ, સામુહિક બાકાતનો નહીં.

બીજી બાજુ તેજસ્વી યાદવને ચૂંટણી પંચ દ્વારા બે અલગ અલગ વોટર આઈ.ડી. કાર્ડ નંબર રાખવાના મામલે નોટિસ મોકલવામાં આવી છે. તેજસ્વી યાદવે એક પ્રેસ કોન્ફરન્સમાં દાવો કર્યો કે બિહારની મતદાર યાદીના ડ્રાફ્ટમાંથી તેમનું નામ ગાયબ છે અને તેમણે એક EPIC (ચૂંટણી ફોટો ઓળખકાર્ડ) નંબરનો ઉલ્લેખ કર્યો હતો. પણ ચૂંટણી પંચે નોંધાયેલો નંબર આપ્યો અને નામ યાદીમાં છે એવું કહી નોટીસ ફટકારી છે. હવે તેજસ્વીએ જવાબ આપવાનો છે. નહિ તો એને સજા થઈ શકે છે.

બીજી બાજુ ચૂંટણી પંચે સ્પષ્ટ કર્યું છે કે SIR એ કોઈ નવી પ્રક્રિયા નથી. આવી સઘન સુધારણાઓ ભારતમાં અગાઉ પણ અનેક વખત થઈ ચૂકી છે (જેમ કે ૧૯૫૨-૫૬, ૨૦૦૩, વગેરેમાં). આ પ્રક્રિયા ચૂંટણી પંચના બંધારણીય અધિકાર હેઠળ છે અને તેનો હેતુ લોકશાહીની મજબૂતી માટે છે અને આ જ મુદ્દે વિપક્ષો સંસદમાં ચર્ચાની માંગ કરી હોબાળો કરી રહ્યા છે અને સરકાર પાસે કારણ છે કે, મામલો સુપ્રીમ કોર્ટમાં છે એટલે ચર્ચા સંસદમાં ના થઈ શકે.

બિહારના ઈતિહાસમાં આટલી ચર્ચાસ્પદ અને રોચક ચૂંટણી ક્યારેય થઈ નહિ હોય. આ ચૂંટણીમાં નીતીશનું રાજકીય ભાવિ પણ દાવ પર છે. આ એમના માટે છેલ્લી ચૂંટણી છે. એમનું ભવિષ્ય કેવું હશે , એ ફરી મુખ્યમંત્રી બનશે કે નહિ એ ચૂંટણીનાં પરિણામો પર આધાર રાખે છે. ટૂંકમાં, આ ચૂંટણીનાં પરિણામો દેશની રાજનીતિ પર અસર છોડી જશે.

રાજ્યોની વણઝાર

કૌશિક મહેતા

બિહારના ઈતિહાસમાં આટલી ચર્ચાસ્પદ અને રોચક ચૂંટણી ક્યારેય થઈ નહિ હોય. આ ચૂંટણીમાં નીતીશનું રાજકીય ભાવિ પણ દાવ પર છે. આ એમના માટે છેલ્લી ચૂંટણી છે. એમનું ભવિષ્ય શું હશે? ફરી મુખ્યમંત્રી બનશે કે નહીં?

જમ્મુ કાશ્મીરમાં રાજ્યસભાની ચાર બેઠકોની ચૂંટણી ક્યારે?

જમ્મુ કશ્મીરમાં ક. ૩૭૦ દૂર થઇ એને ખાસ્સો સમય થઇ ગયો છે. અહીં વિધાનસભાની ચૂંટણી પણ થઇ ગઈ અને ઓમર અબ્દુલ્લા મુખ્યમંત્રી છે પણ છતાં રાજ્યનો દરજ્જો અપાયો નથી. કેન્દ્ર સરકાર કહે છે કે, વહેલી તકે અપાશે પણ ક્યારે? એનો કોઇ ફોડ પાડી શકી નથી. એનો મતલબ એમ પણ કરી શકાય કે, હજુય ખીણમાં સ્થિતિ સામાન્ય નથી. પહેલગામ હુમલા બાદ તો નથી જ. આતંકવાદીઓએ હુમલાના સ્વરૂપ અને સ્ટ્રેટેજી બદલી નાખ્યાં છે અને આ જ કારણે રાજ્યની રાજ્ય સભામાંની ચાર બેઠકોની ચૂંટણી પણ અટકી પડી છે.

જમ્મુ-કાશ્મીરમાં રાજ્યસભાની ચાર બેઠકો ફેબ્રુઆરી ૨૦૨૧ થી ખાલી છે. આ પરિસ્થિતિએ એક બંધારણીય પ્રશ્ન ઊભો કર્યો છે, જેના કારણે રાષ્ટ્રપતિની સલાહ લેવાની જરૂર પડી શકે છે. ચારેય રાજ્યસભા સાંસદોએ તેમનો છ વર્ષનો કાર્યકાળ એકસાથે પૂર્ણ કર્યો હતો. રાજ્યસભાના ચાર સભ્યો - ગુલામ નબી આઝાદ, નઝીર અહેમદ લાવે, મીર મુહમ્મદ ફૈયાઝ અને શમશેર સિંહ માનહાસ - એ ફેબ્રુઆરી ૨૦૨૧માં તેમનો કાર્યકાળ પૂર્ણ કર્યો. જો ચૂંટણી પંચ આ ચાર ખાલી બેઠકો માટે ફરીથી રાજ્યસભા ચૂંટણીની જાહેરાત કરે તો તેમનો કાર્યકાળ ફરી એકસાથે પૂરો થશે, જે અનુચ્છેદ ૮૩ હેઠળ નિર્ધારિત રોટેશનના સિદ્ધાંતની વિરુદ્ધ છે. આ મુદ્દે ચૂંટણી પંચ પણ મૂંઝવણમાં છે અને આ બાબતે રાષ્ટ્રપતિની સલાહ લેવામાં આવી શકે છે. કેન્દ્ર સરકાર અને ચૂંટણી પંચ માટે આ અભૂતપૂર્વ સ્થિતિ કહી શકાય. જમ્મુ કાશ્મીરમાં વિકાસની અને બેરોજગારીની સમસ્યા હજુ પણ છે.બેરોજગારીનો દર વધતો જાય છે અને અપેક્ષા કરતાં બહુ ઓછું રોકાણ આ રાજ્યમાં થયું છે. કાશ્મીરી પંડિતોને ફરી વસાવવાની વાત પણ ઢીલમાં પડી છે. આ રાજ્ય કે જે ધરતી પરનું સ્વર્ગ ગણવામાં આવે છે એમાં બધું સામાન્ય નથી એવું સ્પષ્ટ થાય છે અને ક્યારે થશે એ પણ કોઈ વિશ્વાસથી કહી શકે એવી સ્થિતિમાં નથી.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

આર્ટીકલ 370 નાબૂદ કરવાની છઠ્ઠી વર્ષગાંઠ, રાજ્યપાલ મલિકના નિધને ઉજવણી ફીકી કરી

26 ઓક્ટોબર, 1947 - જે દિવસે જમ્મુ અને કાશ્મીરના તત્કાલીન મહારાજા હરિસિંહે રાજ્યને ભારતીય પ્રભુત્વમાં જોડવાના દસ્તાવેજ પર હસ્તાક્ષર કર્યા હતા.

ચોક્કસપણે, સ્વતંત્ર ભારતના ઈતિહાસમાં એક 'લાલ અક્ષર' દિવસ.

5 ઓગસ્ટ, 2019 - જે દિવસે જમ્મુ અને કાશ્મીરને વિશેષ દરજ્જો આપતી બંધારણની કલમ 370ને નાબૂદ કરવામાં આવી હતી, જેનાથી રાજ્યને બે કેન્દ્રશાસિત પ્રદેશોમાં વિભાજીત કરવાનો માર્ગ મોકળો થયો હતો.

રાજકીય અર્થઘટન, વૈચારિક સપનાંઓને પૂર્ણ કરવામાં આવ્યાં અને તે જ સમયે જમ્મુ, કાશ્મીર અને લડાખનાં લોકોની અપેક્ષાઓને તોડી નાખવાનો દિવસ જેનું એક જ ધ્યેય હતું રાજકીય સશક્તિકરણ, જે તેમની પાસેથી આ દિવસે છીનવી લેવામાં આવ્યું હતું. સૌથી મોટો ફટકો રાજ્યનો દરજ્જો છીનવી લેવાનો અને તેની સાથે જમીન અને નોકરીના અધિકારોનું રક્ષણ કરવાનો હતો.

જમ્મુ અને કાશ્મીર રાજ્યના ત્રણ ભૂતપૂર્વ પ્રદેશોને તેની કેવી અસર પડી છે, તે એક અલગ ચર્ચા છે. પ્રશ્ન એ ઊભો થાય છે કે શા માટે ત્રણ વિવિધ પ્રદેશોનાં લોકો છઠ્ઠી વર્ષગાંઠ પર પણ રાજ્યનો દરજ્જો અને રાજકીય સશક્તિકરણની માગણી સાથે આંદોલન કરી રહ્યાં છે.

છઠ્ઠી વર્ષગાંઠના દિવસે, કલમ 370 નાબૂદ કરવાના અધ્યક્ષ અને પુલવામા આતંકવાદી હુમલાની વિગતોથી વાકેફ જમ્મુ અને કાશ્મીર રાજ્યના છેલ્લા રાજ્યપાલ શ્રી સત્યપાલ મલિકનું બીમારી બાદ અવસાન થયું હતું અને નરેન્દ્ર મોદી સરકાર દ્વારા આ દિવસની ઉજવણી માટે કેન્દ્રશાસિત પ્રદેશના જમ્મુ અને કાશ્મીર પ્રદેશોના વધુ પુનર્ગઠન અંગે મોટી જાહેરાતની વાર્તા સાથે, તેને વધુ રસપ્રદ બનાવ્યું. શ્રી મલિકના મૃત્યુના શોક સાથે દિવસ પસાર થતાં, જમ્મુ અને કેન્દ્રશાસિત પ્રદેશનું એક અલગ રાજ્ય હોવાની વાર્તા વાસ્તવિકતામાં પરિણમી ન હતી.

શ્રી મલિક 14 ફેબ્રુઆરી, 2019ના રોજ પુલવામામાં થયેલા હુમલા, જેમાં 40 સીઆરપીએફ જવાનો શહીદ થયા હતા તેના પર આધારિત પુસ્તક લખવાની પ્રક્રિયામાં હતા અને 5 ઓગસ્ટ, 2019ના રોજ કલમ 370 પર ધ્યાન કેન્દ્રિત કરીને રાજ્યના પુનર્ગઠન પર ધ્યાન હતું તેવા અહેવાલોએ ઉત્સુકતા પેદા કરી છે. વિવિધ રાજ્યોનાં રાજભવનોમાં કેદ હોવા છતાં, કેન્દ્ર સરકારના ઉચ્ચ અધિકારીઓ પર પણ આંગળી ઉઠાવતી વખતે, તેઓ ભાજપના એક કટ્ટર ટીકાકાર બન્યા હતા, તે હકીકત જિજ્ઞાસામાં વધારો કરે છે.

શું પુસ્તક ખરેખર તૈયાર થવાનું હતું? જો એમ હોત, તો શું તેઓ તથ્યો અને પ્રત્યક્ષ અહેવાલો સાથે તેમના ઈશારાઓને સમર્થન આપતા?

જાણીતા તપાસ પત્રકાર રીતુ સરીન, ૬ ઓગસ્ટ, ૨૦૨૫ ના રોજ ઇન્ડિયન એક્સપ્રેસમાં પ્રકાશિત તેમના અહેવાલમાં, શ્રી મલિકે તેમની વાતચીત દરમિયાન, પુસ્તકની વિસ્ફોટક સામગ્રીનો વારંવાર ઉલ્લેખ કર્યો છે જે તેઓ લખી રહ્યા હતા. તેમના અહેવાલ મુજબ, પુસ્તકનું કેન્દ્રબિંદુ જમ્મુ અને કાશ્મીરના રાજ્યપાલ તરીકેના તેમના કાર્યકાળ પર હતું, જે દરમિયાન રાજ્યે તેનો ખાસ દરજ્જો ગુમાવ્યો અને બે કેન્દ્રશાસિત પ્રદેશોમાં વિભાજીત થઈ ગયું.

અહેવાલ સૂચવે છે કે શ્રી મલિકે તેમના મૃત્યુનું કારણ બનેલી કિડની સંબંધિત બીમારીઓ માટે હોસ્પિટલમાં દાખલ થતાં પહેલાં તેમને ખુલાસો કર્યો હતો કે તેમણે પુસ્તકની હસ્તપ્રત સુરક્ષિત રીતે કોઈ અજ્ઞાત ગુપ્ત સ્થળે છુપાવી દીધી હતી. 'તેમના અવસાન પછી, તેમના એક વિશ્વાસુ સહાયકે કહ્યું કે પુસ્તક લગભગ પૂર્ણ થઈ ગયું હતું પરંતુ હજુ પૂર્ણ થયું નથી', શ્રીમતી સરીને તેમના અહેવાલમાં જણાવ્યું હતું.'

શ્રી મલિક સાથેની તેમની અગાઉની વાતચીતને યાદ કરતાં, તેણીએ તેમને પૂછ્યું હતું કે તેઓ તેમના પુસ્તકમાં બીજા કયા ખુલાસા કરશે, જેમ કે પુલવામા હુમલામાં વધુ ભૂલો. 'પુસ્તકની રાહ જુઓ, હું તમને હમણાં બધું કહી શકતી નથી. પરંતુ પુસ્તક જમ્મુ અને કાશ્મીરના શાસન અને સરકારની સુસ્તી વિશે હશે', એમ તેણીએ સ્વર્ગસ્થ જાટ નેતાના કહેવાને ટાંકીને કહ્યું.

શ્રી મલિકને ટાંકીને, તેણીએ તેમના અહેવાલમાં આગળ કહ્યું છે કે પુસ્તકનું કામચલાઉ શીર્ષક 'ધ ટ્રુથ અબાઉટ કાશ્મીર' છે. 'મેં એક જાહેર રેલીમાં કાશ્મીર પરના મારા પુસ્તક વિશે વાત કરી હતી અને આ રીતે લોકોને તેના વિશે ખબર પડી. તે પછી મને સમજાયું કે મારે 200 પાનાની હસ્તપ્રત ઘરે રાખવી જોઈએ નહીં અને ફેબ્રુઆરી 2024ના સીબીઆઈ દરોડાએ મને સાચો સાબિત કર્યો છે', એમ તેમણે તેણીને કહ્યું.

એ વાત ખૂબ જ વિડંબનાપૂર્ણ છે કે ભાજપના એક અત્યંત સતર્ક ટોચના નેતૃત્વે તેમના મુખ્ય કાર્યસૂચિના સૌથી મહત્ત્વપૂર્ણ મુદ્દા - કલમ 370 નાબૂદ કરવાના અમલીકરણ માટે તેમના કેડરની બહારની વ્યક્તિને જમ્મુ અને કાશ્મીરના રાજ્યપાલ તરીકે કેવી રીતે સોંપ્યું. ગંભીર આરોપોને તો છોડી દો, પણ તેમના પોતાના આરોપોથી પણ વધુ, કોઈ પણ અસંમતિ કે અપ્રિયતાને સ્વીકારવા માટે જાણીતા, તેનાથી રહસ્યમાં વધારો થયો. શ્રી મલિકને એક રાજ્યથી બીજા રાજ્યમાં અને ઉત્તરથી પશ્ચિમમાં ટ્રાન્સફર કરવામાં આવ્યા હોવા છતાં અને અંતે ઉત્તર-પૂર્વમાં તેમનો રાજ્યપાલ કાર્યકાળ પૂર્ણ કરવામાં આવ્યો હોવા છતાં તેમને રાજ્યપાલ તરીકે ચાલુ રહેવાની મંજૂરી આપવામાં આવી હતી.

કલમ 370ને નાબૂદ કરવાની છઠ્ઠી વર્ષગાંઠ અને સંબંધિત ઘટનાક્રમ પર પાછા ફરતાં, જમ્મુ અને કાશ્મીર અને લડાખમાં પણ અનુક્રમે આ વિચારના પ્રમોટરો અને વિરોધીઓ દ્વારા ઉજવણી અને વિરોધ બંને દૃષ્ટિએ ભીનાશભર્યા હતા. જ્યારે દિલ્હીમાં શાસક વર્ગ દ્વારા ભાગ્યે જ કોઈ ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. ખાસ કરીને તેના ગઢ જમ્મુમાં ભાજપ દ્વારા ઉત્તેજિત ઉજવણી પ્રતીકાત્મક અને ખૂબ જ ઓછી કરી હતી. છ વર્ષ પહેલાં જનતામાં જોવા મળેલો પ્રારંભિક ઉત્સાહ સંપૂર્ણપણે ગાયબ હતો.

વિપક્ષ - કોંગ્રેસ, નેશનલ કોન્ફરન્સ અને પીપલ્સ ડેમોક્રેટિક પાર્ટી (પીડીપી) (આઈ.એન.ડી. આઈ.એ. ગઠબંધનના બધા ભાગો) એક વિભાજિત ગૃહ હતાં. કોઈ અસર કર્યા વિના, રાજ્યના દરજ્જા પરત મેળવવાની માંગણી કરતી સામાન્ય થીમ પર અલગથી વિરોધ પ્રદર્શન કર્યું. કલમ 370ની પુનઃસ્થાપના જમ્મુ અને કાશ્મીરમાં આ ઈ.એ.ન.ડી.આ ઈ.એ.ના ભાગીદારો વચ્ચે એકમાત્ર તફાવત હતો. તેમણે કાશ્મીર ખીણમાં લાંબા સમયથી ચાલી રહેલા મેદાની યુદ્ધમાં રોકાયેલા અને નિયમિતપણે એકબીજા પર હુમલો કરતાં હોવાથી, ઓછામાં ઓછું કોંગ્રેસ અને નેશનલ કોન્ફરન્સ વચ્ચે વિપક્ષી એકતા દર્શાવવાની તક ગુમાવી નહીં, પરંતુ જમ્મુમાં પણ મજબૂત સત્તા વિરોધી લહેરનો સામનો કરી રહેલા ભાજપને ફટકારવાની તક પણ ગુમાવી દીધી. 5 ઓગસ્ટ, 2025 ના રોજ જમ્મુ અને કાશ્મીરમાં ચિત્ર સંપૂર્ણ ગડબડ, અરાજકતા અને મૂંઝવણનું ચિત્રણ હતું જેમાં એક ડગમગતો શાસક પક્ષ (ભાજપ વાંચો) અને બેદરકાર વિપક્ષ (કોંગ્રેસ વાંચો) બધી દિશામાં વિભાજિત હતો. એક પુષ્ટિ કે રાજકીય શૂન્યતા છે પરંતુ કોઈ તેને ભરવા તૈયાર નથી.

કોંગ્રેસે જમ્મુ અને શ્રીનગર બંનેમાં નેતાઓ અને કાર્યકરોનાં નાનાં જૂથો દ્વારા પ્રતીકાત્મક વિરોધ પ્રદર્શનો સાથે સૌથી દયનીય ચિત્ર રજૂ કર્યું. આ મહત્ત્વપૂર્ણ પ્રસંગે પીસીસી પ્રમુખ શ્રી તારિક હમીદ કારા અને તેમની ટીમે વિવિધ જૂથોને એક સામાન્ય મંચ પર લાવવા માટે કોઈ પ્રયાસ ન કરતાં જૂથવાદ ફરી એક વાર સામે આવ્યો.

હવે બધાની નજર શ્રી મલિકના પુસ્તકની પટકથા પર રહેશે. શું તે સત્તાધીશોની નજરથી સુરક્ષિત રીતે છુપાઈ જશે? શું તેના કબજામાં રહેલાં લોકો પુસ્તકને પ્રકાશમાં લાવશે તેની ખાતરી કરશે? હજુ પણ એ ખબર નથી કે હોસ્પિટલમાં તેમની અંતિમ ક્ષણો દરમિયાન શ્રી મલિકે તેમના પુસ્તક પ્રોજેક્ટને આગળ વધારવાની ઈચ્છા કેવી રીતે વ્યક્ત કરી હતી.

રાજધાનીના અંતરંગ

અનિલ આનંદ

શા માટે જમ્મુ કાશ્મીર અને લડાખનાં લોકો છઠ્ઠી વર્ષગાંઠ પર પણ રાજ્યનો દરજ્જો અને રાજકીય સશક્તિકરણની માગણી સાથે આંદોલન કરી રહ્યાં છે

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

આવાં કૃત્યો સ્ત્રીઓને શોભે છે?

અખબારી આલમ દ્વારા તાજેતરમાં મહિલાઓનાં પરાક્રમો જાણવા મળે છે. લૂંટેરી દુલ્હન, મદ્યપાન કરતી પુત્રવધૂ, સ્વયંના આડા સંબંધ માટે પતિને આત્મહત્યાની દુષ્પ્રેરણા આપવી, મહિલાઓ દ્વારા રમાતા જુગાર, યુવા વયના યુવક સાથે મદ્યપાન કરતી યુવા યુવતીઓ અને પતિને માનસિક ત્રાસ આપતી પત્નીઓ વિ. અનેક સમાચારો (ફરિયાદ) જાણવા મળે છે. શું આ સ્ત્રીઓને શોભે છે? ક્યારેક સુંદરતાનો દુરુપયોગ હનીટ્રેપ દ્વારા પણ કરવામાં આવે! વર્તમાન સમયમાં સ્ત્રીઓ પ્રત્યેક ક્ષેત્રે પુરુષ સમોવડી છે જ જે પ્રશંસનીય ગણાય પરંતુ ઉપર્યુક્ત ગેરવર્તણૂક કેટલે અંશે યોગ્ય કહેવાય? નેવું ટકા સ્ત્રીઓ અપવાદ વર્ગમાં આવે પણ દસ ટકા બહેનો ઉપર્યુક્ત ફરિયાદમાં હોઇ શકે, જે મહિલા માટે શરમજનક કહેવાય. સ્ત્રી સહનશીલતા, પવિત્રતા, સંયમશીલતા તથા લાગણીશીલતાની મૂર્તિ કહેવાય છે. તો આવાં કૃત્યો શા માટે? ખોટા માર્ગે નાણાં પ્રાપ્તિ કેટલે અંશે યોગ્ય ગણાય? અને પતિ આત્મહત્યા કરે એટલે સુધી 'ટોર્ચર' કરવાનું એક પત્ની તરીકે શોભે છે? મદ્યપાન અને જુગાર કઇ મહિલાને શોભે? લૂંટેરી દુલ્હન લગ્ન કરીને માલમત્તા લઇને રફુચક્કર થઇ